ગાંધીનગર સમાચાર
દિવાળી પર્વોને પગલે સરકારી કર્મીઓના પગાર વહેલા થશે

# નાગરિક બેંકની સાતમી શાખાનો શુભારંભ

## સરગાસણ ચાર રસ્તા ખાતે ચેરમેન, વાઇસ ચેરમેન તેમજ એમ ડીએ રીબીન કાપીને નવી શાખાને ખુલ્લી મુકી : બેંક દ્વારા ટુંક સમયમાં ડેબિટ કાર્ડની સેવા પણ શરૂ કરવામાં આવશે





ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર નાગરિક કો ઓપરેટીવ બેંક લી દ્વારા આજે સરગાસણ ચાર રસ્તા પાસે બેંકની નવી શાખાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. શરદ પુર્ણિમાના દિવસે નવી શાખાનુ ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે બેંકના ચેરમેન,વાઇસ ચેરમેન તેમજ એમ ડી ના હસ્તે દિપ પ્રાગ્ટય કરવામાં આવ્યુ હતુ ત્યારબાદ રીબીન કાપીને નવી શાખાને ખુલ્લી મુકવામાં આવી હતી. ગાંધીનગર નાગરિક બેંક દ્વારા આજે સરગાસણ ચાર રસ્તા પાસે સ્થિત એટ્રીયા બિઝનેસ હબ ના કોમ્પલેક્ષમાં બેંકની નવી શાખાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. બેંકના ચેરમેન હિમાંશુ પટેલ, વાઇસ ચેરમેન નરેન્દ્રભાઈ શાહ, તેમજ એમ ડી મનુભાઈ પટેલ સહીત બોર્ડ ઓફ ડિરેકટર્સે હાજરી આપી આ તબક્કે મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ધારાસભ્ય કામિનીબા રાઠોડ તથા મ્યુનિ કમિશ્નર ડી એમ મોદી ઉપરાંત જિલ્લા ભાજપ તેમજ કોંગ્રેસના આગેવાનો કોદરભાઈ પટેલ, રસિકભાઈ મણિલાલ પટેલ, નિશિત વ્યાસ, જશુભા રાણા, શૈલેન્દ્રસિંહ બિહોલા, દેવેન્દ્રસિંહ ચાવડા, નિતિન પટેલ, સી જે ચાવડા, સુર્યસિંહ ડાભી, લાલભાઈ પટેલ સહીત બેંકના ગ્રાહકોએ પણ વિશેષ સંખ્યામાં હાજરી આપી હતી. નાગરિક બેંકની મુખ્ય શાખા કચેરીએ સ્ટેમ્પ ફ્રેન્કીંગ સેવા પુરી પાડવામાં આવે છે.

જયારે બેંક દ્વારા મોબાઈલ અને ઈન્ટરનેટ બેન્કીંગ સેવા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. આર ટી જી એસ તેમજ એન ઈ એફ ટી , ઈસીએસ પેમેન્ટ તથા ખાતામાં રકમ જમા કરાવી શકાય તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. વધુમાં ગ્રાહકોને વધુ સારી સેવા પુરી પાડવા માટે ટુંક સમયમાં રૂપે ડેબિટ કાર્ડ સેવા પણ શરૂ કરવામાં આવશે. નાગરિક બેંકમાં ચક્રવૃધ્ધિ વ્યાજવાળી ફિક્સ ડિપોઝીટની સગવડ તેમજ માસિક રીકરીંગ થાપણની સગવડ, માસિક ત્રિમાસિક અને છ માસિક વ્યાજ મળે તેમ પ્રમાણેની ફિકસ ડિપોઝિટની સગવડ પણ પુરી પાડવામાં આવે છે.

## દિવાળીનું કાઉન્ટ ડાઉન શરૂ

# દિવાળીના તહેવારો પહેલાના શનિ-રવિમાં ખરીદી જામી

## ઘર વખરીની ચીજવસ્તુઓ અને તૈયાર વસ્ત્રોની ખરીદી જામી

ગાંધીનગર, તા.૧૬

દિવાળીના તહેવારોને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે બજારોમાં ખરીદી જામી છે. દિવાળીનું કાઉન્ટ ડાઉન શરૂ થતાં બજારોમાં ભીડ વધી રહી છે.

ઓકટોબર માસના અંતિમ અઠવાડિયામાં દિવાળીના તહેવારોની ઉજવણી થશે. દિવાળીના તહેવારોની ઉજવણી આડે હવે માત્ર ગણતરીના દિવસો જ બાકીરહ્યા છે ત્યારે બજારોમાં ધીમે ધીમે ખરીદી જામી રહી છે. શનિ-રવિની રજાઓમાં બજારોમાં સારી એવી ભીડ જોવા મળી હતી. તૈયાર વસ્ત્રો, પડદા, ચાદરો, પગલુછણીયા તથા ઘર સજાવટની ચીજોની ખરીદી થતી જોવા મળી હતી.

આ ઉપરાંત તૈયાર વસ્ત્રોની ખરીદી પણ મોટા પાયે થતી જોવા મળી હતી. બાળકોના વસ્ત્રોની ખરીદી વધુ થઈ હતી. દિવાળીના તહેવારો પહેલાના શનિ રવિમાં દુકાનદારોએ મોડી રાત સુધી દુકાનો ખુલ્લી રાખી વ્યાપાર કરી લીધો હતો. હજુ સરકારી કર્મચારીઓના પગાર થશે પછી ખરીદી વધુ જામશે તેમ વેપારીઓ જણાવી રહ્યા છે. જો કે હજુ મિઠાઈ અને ફરસાણ તથા સુકા નાસ્તાની ખરીદી જામી નથી. મિઠાઈ ફરસાણના વેપારીઓ દિવાળીના ઓર્ડર પુર્ણ કરવા માટે દિવસ રાત એક કરી રહ્યા છે. મિઠાઈ ફરસાણની ખરીદી હજુ આગામી અઠવાડિયા બાદ થશે તેવું વેપારીઓ જણાવી રહ્યા છે.



# આજે ગુડા એમઆઈજી આવાસોનો ડ્રો કરશે

## ૪૮૦ લાભાર્થીઓને મકાનની ફાળવણી કરાશે : નાયબ મુખ્યમંત્રી મકાનોનો ડ્રો કરશે : રાયસણ અને કુડાસણ વિસ્તારમાં પીવાના પાણીના વિતરણ નેટવર્કના કામોનુ પણ લોકાર્પણ થશે

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજે કુડાસણમાં મુખ્યમંત્રી આવાસ યોજના અન્વયે એમ આઈ જી મકાનોનો ડ્રો કરવામાં આવશે. ગુડા દ્વારા સે-૧૨ સ્થિત સિવિલ હોસ્પિટલના સંકુલમાં ઓડિટોરિયમ ખાતે આજે સવારે ૧૦ કલાકે ડ્રો ની કાર્યવાહી હાથ ધરાશે. નાયબ મુખ્યમંત્રીના હસ્તે લાભાર્થીઓનો ડ્રો યોજાશે. કોમ્પ્યુટરાઈઝ ડ્રો ના આધારે ૪૮૦ લાભાર્થીઓને મકાનોની ફાળવણી કરવામાં આવશે. આ ઉપરાંત ગુડાના કુડાસણ અને રાયસણ વિસ્તારમાં પીવાના પાણીની વિતરણ વ્યવસ્થાના કામોનુ પણ લોકાર્પણ કરવામાં આવશે.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજે એમ આઈ જી મકાનોનો ડ્રો કરવામાં આવશે. ગુડા દ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત અગાઉ રાયસણ ,અડાલજ અને ચિલોડામાં ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે આવાસોનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. જેના અંતે ૧૧૪૦ લાભાર્થીઓને મકાનોની ફાળવણી કરવામાં આવી હતી. હાલ આ મકાનોમાં લાભાર્થીઓનો વસવાટ પણ શરૂ થઈ ગયો છે. જયારે કુડાસણમાં પણ ટુંક સમયમાં જ એમ આઈ જી આવાસ બાંધવાનુ કામ શરૂ કરી દેવાશે. જયારે આ યોજનાને અનુલક્ષી અંદાજિત ૧૮૦૦ જેટલા લાભાર્થીઓની અરજી મંજુર કરવામાં આવી હતી. કુડાસણમાં ૪૮૦ જેટલા મકાનો સંદર્ભે ગુડા દ્વારા આજે ડ્રો ની કાર્યવાહી હાથ ધરાશે. નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલના હસ્તે ડ્રો

● અનુસંધાન પાન-૭ પર

# દિવાળી પર્વોને પગલે સરકારી કર્મીઓના પગાર વહેલા થશે

ગાંધીનગર, તા.૧૬

દિવાળીના તહેવારો આ વર્ષે ઓકટોબર માસના અંતિમ દિવસોમાં હોઈ સરકારી કર્મચારીઓના પગાર વહેલા કરવામાં આવશે તેવી ચર્ચા કર્મચારી આલમમાં થઈ રહી છે.

દિવાળી અને નવા વર્ષની ઉજવણી માંસાતે કરવામાં આવશે. દિવાળીનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે બજારોમાં ધીમે ધીમે ખરીદી જામતી જાય છે. જો કે હજુ કર્મચારીઓના પગાર થયા ન હોવાથી છુટા હાથે ખરીદી થઈ શકતી નથી. તૈયાર વસ્ત્રોની ખરીદી પગાર થયા બાદ વધુ જામશે તેવો અંદાજ છે. દિવાળી અને બેસતુ વર્ષ ગુજરાતીઓનો સૌથી મોટો ઉત્સવ હોઈ આ તહેવારો પહેલા મોટી ખરીદી કરવાનો સીરસ્તો પડી ગયો છે. દિવાળી જયારે મહિનાના અંતિમ સપ્તાહમાં હોય ત્યારે પગાર વહેલો કરવામાં આવતો હોય છે. સરકારી કર્મચારીઓ તહેવારોની ઉજવણી આનંદ ઉલ્લાસપૂર્વક કરી શકે તે માટે સરકારી કર્મચારીઓના પગાર વહેલા થવાની પૂરી સંભાવના છે. સરકારી કચેરીઓમાં પગારના બીલો બનવાના શરૂ થયા હોઈ કર્મચારીઓ વહેલા પગારની અપેક્ષા રાખી રહ્યા છે. લગભગ ૨૩ થી ૨૫ ઓકટોબરની વચ્ચે પગાર થવાની પુરી શકયતાઓ વ્યકત કરાઈ રહી છે.

# ફટાકડાના સ્ટોલની ફાળવણી ૨૨ ઓકટોબર બાદ કરાશે

## લાયસન્સ માટે ૨૦ મી સુધી ફોર્મનુ વિતરણ થશે : તંત્ર ૨૨ મી સુધી અરજી સ્વીકારશે

ગાંધીનગર તા ૧૬

દિવાળીનુ પર્વ નજીક આવતા સેકટરોમાં ફટાકડાના સ્ટોલ ધમધમતા થશે. વહીવટી તંત્ર દ્વારા સે-૨૧,૬ અને સે-૨૪માં ફટાકડાના સ્ટોલ માટે મંજુરી આપવામાં આવતા આ ઠેકાણે ફટાકડા બજાર ઉભુ થાય છે. જયારે ફટાકડાના સ્ટોલ માટે તંત્ર દ્વારા અરજી મંગાવી ડ્રો કરવામાં આવે છે. ફટાકડાના સ્ટોલ માટે અરજદારોને આગામી તા ૨૨ સુધીમાં લાયસન્સ માટે અરજી કરવા જણાંવાયુ છે.

રોશની અને આંતશબાજીથી જગમગતા દિવાળી પર્વમાં શહેરમાં ફટાકડાના સ્ટોલ માટે મંજુરી આપવામાં આવે છે. જયારે આ ફટાકડાના સ્ટોલ માટે વહીવટી તંત્ર દ્વારા મંજુરી આપવામાં આવે છે. ડ્રો ની કાર્યવાહીથી સ્ટોલ ફાળવવા માટે તંત્ર દ્વારા અરજદારો પાસેથી અરજી મંગાવામાં આવે છે. આ વર્ષે પણ ફટાકડાના સ્ટોલ ઈચ્છુક અરજદારોને આગામી તા ૨૦ ઓકટોબર સુધીમાં મામલતદાર કચેરીના જનસેવા કેન્દ્ર ખાતેથી નિયત ફોર્મ મેળવી લેવા માટે જણાંવાયુ છે. ફટાકડાના હંગામી વેચાણ માટેના સ્ટોલના લાયસન્સ માટે તા ૨૨ ઓકટોબર બપોરે ૪ વાગ્યા સુધીમાં અરજદારોને ફોર્મ સુપ્રત કરી દેવા જણાંવાયુ છે. અરજદારોની અરજીઓ મળ્યા બાદ ડ્રો ની કાર્યવાહીના અંતે સ્ટોલની ફાળવણી કરવામાં આવશે. સ્ટોલ માટેના અરજદારોએ વહીવટી તંત્ર દ્વારા મંગાવાયેલા જરૂરી દસ્તાવેજો પણ રજુ કરવાના રહેશે તેમ પણ જણાંવાયુ છે. વધુમાં સ્ટોલના લાયસન્સ માટે અરજી કરનારા અરજદારોએ વીમો પણ લેવાનો રહેશે જયારે દુર્ઘટના સર્જાય તેવા સંજોગોમાં સઘળી જવાબદારી લાયસન્સ ઘારકોની રહેશે. સ્ટોલના ઠેકાણે લાઈટ તેમજ ફાયર સેફટીના સાધનોની વ્યવસ્થા સ્ટોલ ઘારાકોએ કરવાની રહેશે. જયારે સ્ટોલ માટેના અરજદારો કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી તે અંગેનુ પ્રમાણપત્ર પણ રજુ કરવાનુ રહેશે. સ્ટોલનો ઉપયોગ અરજદારો પોતે જ કરી શકશે અન્ય વ્યકિત સ્ટોલનો ઉપયોગ કરી શકશે નહીં તેમ પણ જણાંવાયુ છે.

દિપાવલીના તહેવારો માટે ફ્રેશ ડ્રાયફ્રુટ-ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક
અરિહંત ડ્રાયફ્રુટ્સ
સંપર્ક : હેમાંગ ગાંધી
(ફોન : ૯૩૭૭૭ ૨૩૧૬૪)
૪૦૩, સહજાનંદ કોમ્પલેક્ષ(બેઝમેન્ટ), સે.-૩૦ ચાર રસ્તા, ગાંધીનગર

ગાંધીનગર માટે
LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬
મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN ™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE ™
DR. FIXIT ®
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com